ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૮.૬ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં વાહનોના વેચાણમાં નોંધપાત્ર ઘટાડો



ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ઓટોમોબાઈલ ઉદ્યોગમાં છેલ્લા મહિનાઓમાં મંદીનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ટુ વ્હીલર અને ફોર વ્હીલરના વેચાણમાં ઘટાડો નોંધાયો છે. આમ તો આ રાષ્ટ્રીય ક્ષેત્રની પરિસ્થિતિ છે જે શહેરમાં પણ લાગુ પડી રહી છે. કંપનીઓ દ્વારા ઉત્પાદનમાં કાપ નહિ મુકાતા સ્ટોક પડયો રહેવાની પરિસ્થિતિ સર્જાઈ રહી છે. મે મહિનામાં ટુ વ્હીલર્સના વેચાણમાં ગયા વર્ષના ગાળાની તુલનાએ લગભગ ૮ ટકા જેટલો ઘટાડો જણાઈ રહ્યો છે.

આર્થિક મંદીના લીધે ગ્રાહકોની પસંદગીના અનુસંધાને વાહનોની ખરીદીમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. શહેરના હીરો કંપનીના કર્મચારીના જણાવ્યા મુજબ ગત વર્ષે કંપનીનું વેચાણ કુલ આશરે ૬,૫૦૦ ટુ વ્હીલરનું હતું. જેમાં બાઈકની સંખ્યા વધુ હતી અને આ વર્ષે હજુ લગભગ ૫,૮૫૦ જેટલું વેચાણ રહ્યું છે. જેમાં થોડું સ્લોડાઉન જણાય છે. કહી શકાય કે, શહેરમાં કંપનીનું ટુ વ્હીલરનું કુલ વેચાણ આશરે ૨૮ ટકા જેટલું હતું જે ૧૬ થી ૧૭ ટકા ઓછું થયું છે. તેમના જણાવ્યા મજુબ ટુ વ્હીલર ન વેચાવવાનું મુખ્ય કારણ હોઈ શકે કે ગ્રાહકો આજે વાહન તરત ખરીદવાના મુડમાં નથી. બધાના ઘરમાં જયારે એક કંપનીનું વ્હીકલ હોય તો એ એજ કંપનીનું ટુ વ્હીલર લેવાનું પણ વિચારી લે છે અને એ બાબતે વ્હીકલ લેવાના નિર્ણયમાં વિલંબ થઈ જતો હોય છે.



## સેકટર-૧૭ ટાઉનહોલ સામેની ખુલ્લી જગ્યામાંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં બાઈક ચોર બેફામ બન્યા છે. શહેરમાં આંતરે દિવસે બાઈક ચોરીના કિસ્સા સામે આવે છે. પાટનગર વાહનચોરી માટે સોફટ ટાર્ગેટ બનતું જાય છે. પોલીસના સઘન ચેકીગ વચ્ચે પણ વાહન ચોર બિન્દાસ્ત પણે વાહનચોરી કરી પલાયન થઈ જાય છે. ત્યારે શહેરના સેકટર-૧૭ ટાઉનહોલ સામેની ખુલ્લી જગ્યામાંથી વધુ એક બાઈકની ઉઠાંતરી થવા પામી છે. શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે રહેતો યુવક દિપક દલાભાઈ વિંઝુડા ખાનગી નોકરી કરે છે. શનિવારે રાત્રીના સમયે ૯ વાગ્યાના અરસામાં તે પોતાનું બાઈક લઈને ટાઉનહોલની સામેની ખુલ્લી જગ્યામાં આવેલા પાન પાર્લર ખાતે ગયો હતો. બાઈક પાર્ક કરીને તે પોતાના મિત્રો સાથે ઉભો રહીને વાત કરતો હતો. એક કલાકના અરસા બાદ તે ઘરે જવા માટે નીકળ્યો ત્યારે પોતાનું બાઈક નં. જી.જે.૧૮.ડી.બી.-૨૦૫૦ નંબરનું સ્પેલન્ડર બાઈક ગાયબ હતું. એક દિવસની શોધખોળ અને મિત્ર વર્તુળમાં તપાસ કર્યા બાદ પણ બાઈકનો પત્તો ન લાગતા યુવકે સે-૨૧ પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ આપતા પોલીસે ગુનો નોંધી બાઈક ચોરોને પકડી પાડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



જેઠ માસની પૂર્ણિમાએ સૌભાગ્યવતી મહિલાઓ દ્વારા પોતાના પતિના લાંબા આયુષ્યની કામના સાથે વટસાવિત્રીનું વ્રત કરવામાં આવે છે. ગાંધીનગર પાસેના ટીંટોડા ગામે શ્રધ્ધાળુ મહિલાઓએ વટ સાવિત્રીના વ્રત નિમિત્તે વડની પૂજા કરી પોતાનો ચુંડી-ચાંદલો અખંડ રાખવા મનોકામના કરી હતી.

## ચોરીના ગુનામાં ૩ વર્ષથી નાસતા-ફરતા આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર જિલ્લામાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે ઈન્ચાર્જ એસ.પી. એમ.જે.સોલંકીની સુચનાથી જિલ્લા પોલીસ સક્રિય થઈ છે. ત્યારે એસઓજી પીઆઈ જે.જી.વાઘેલાની ટીમના રાજેશકુમારની બાતમીના આધારે બાઈક ચોરીના ગુનામાં છેલ્લા ત્રણ વર્ષથી નાસતા ફરતા આરોપીને પોલીસે દબોચી લીધો છે.આરોપી મહંમદ સમીર મોહમંદ રફીક પઠાણ (ઉં.વ.૪૨ શાહીયા કોલોની, શાહઆલમ) ને અક્ષરધામ મંદિર પાસેથી દબોચી લેવાયો હતો. જે સે-૨૧ પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૬ માં બાઈક ચોરીનો ગુનોં નોંધાયો હતો ત્યારબાદ તે નાસતો ફરતો હતો. આરોપીની એસઓજી પોલીસે અટકાયત કરી સેકટર-૨૧ પોલીસ મથકને સોંપ્યો છે.

## દિવ્યાંગ અધિકાર મંચ પડતર પ્રશ્નોને લઈ મુખ્યમંત્રીને આવેદન પત્ર



ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરની સત્યાગ્રહ છાવણી ખાતે આજે દિવ્યાંગ અધિકાર મંચના નેજા હેઠળ રાજયભરમાંથી દિવ્યાંગો મોટીસંખ્યામાં એકઠા થયા હતા. છેલ્લા બે વર્ષથી પોતાના પડતર પ્રશ્નો અંગે ઉચ્ચકક્ષાએ રજુઆત કરવામાં આવી છે, તેમ છતા દિવ્યાંગ અધિકાર મંચના ૧૩ પ્રશ્નનો ઉકેલ આવતો નથી. ત્યારે આજે રાજયના મુખ્યમંત્રીને દિવ્યાંગ વ્યકિતઓનું જીવન ધોરણ ઉંચુ લાવવા માટે તેમજ રોજગાર, પેન્શન, સરકારી નોકરીમાં ભરતી, સરકારી સહાય, પેન્શન જેવા ગંભીર મુદ્દાઓ પર આવેદન પત્ર આપીને યોગ્ય કરવા રજુઆત કરી છે.

ગુજરાત રાજયમાં ૧૧ લાખ ૮૦ હજાર દિવ્યાંગો વસવાટ કરે છે. દિવ્યાંગોની હાલત દયનીય છે. કારમી મોંઘવારીમાં જીવન નિર્વાહ કરવો મુશ્કેલ બની ગયું છે. મોંઘવારીના મારથી તેઓ પિડાઈ રહ્યા છે. ત્યારે દિવ્યાંગ અધિકાર મંચના નેજા હેઠળ છેલ્લા બે વર્ષથી રાજયભરના દિવ્યાંગો પોતાના પડતર પ્રશ્નોની રજુઆત માટે ગાંધીનગર આવી રહ્યા છે. તેમ છતા સરકારના બહેરા કાને દિવ્યાગોની રજુઆત સંભળાતી નથી તેમ દિવ્યાંગોનું કહેવુ છે. ત્યારે દિવ્યાંગોની પડતર માંગણીઓમાં દર માસે રૂ.૫.૦૦૦ પેન્શન મળવુ જોઈએ, જે ઘરમાં દિવ્યાંગ હોય તેને ૦ થી ૧૬ ના સ્કોર બીપીએલમાં સમાવેશ કરવો, કોમ્પ્યુટર ઓપરેટર, કલાર્ક, ની ભરતી પર દિવ્યાંગોની ભરતી થવી જોઈએ, ઘરનું ઘર મળવુ જોઈએ, દિવ્યાગોને પુરા પગારમાં નોકરી રાખવા, રોજગારી માટે લોન સહાયથી સરળથી મળી રહે તે રીતે કરવું, દિવ્યાંગોને રેસીડેન્સી વિજળી બીલમાં ૫૦ રાહત મળે, દિવ્યાંગોને લોનમાં સબસીડી કાયમી કરવી, પેટ્રોલ પંપ, ગેસ એજન્સી, ટોટાનું લાયસન્સ આપવું, દિવ્યાંગોને ૨ એકર જમીન આપવી, સરકારી નોકરીની ભરતીમાં ૪ ટકા પ્રમાણે ફરજીયાત અમલ કરવો સહિતનો સમાવેશ થાય છે.

## ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ કર્મચારી એસોસીએશનના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૭



ગુજરાત રાજય શાળા પાઠય પુસ્તક મંડળ કર્મચારી એસોસીએશનની સાધારણ સભામાં સર્વાનુમતે પ્રમુખ તરીકે સી.એમ. ગામેતી અને મહામંત્રી તરીકે ડૉ. કમલેશ પરમાર ચૂંટાયા હતા તથા કાબોરારી કમિટીના સભ્યો તરીકે ડૉ. ચિરાગકુમાર શાહ, પ્રવિણભાઈ નાયક, હરજીવનભાઈ દવે, ગણપતસિંહ ચંપાવત, વિપુલકુમાર પરમાર, ગેમરભાઈ દેસાઈ, કેશુભાઈ રાઠોડ, રમેશભાઈ પ્રજાપતિ, શ્રીમતિ તારાબેન ડામોર, જયંતિભાઈ બલાત, જીતેન્દ્રભાઈ પરમાર, મુકેશકુમાર નાયી, સવિતાબેન વાઘેલા, વિજયસિંહ ચંપાવત તથા રાજેન્દ્રકુમાર રાણાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.



## મજુરના પગ પર ટ્રેલરનું ટાયર ફરી વળતા પગ કચડાઈ ગયો

### વહેલી સવારે ખોરજ સ્થિત સિમેન્ટના ગોડાઉન પાસેની ઘટના, ટ્રેલર ચાલક સામે ગુનો નોંધાયો, મજુર સોલા ખાતે સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના ખોરજ ગામની સીમમાં સ્થિત સિમેન્ટના ગોડાઉન પર એક વ્યકિત પર ટ્રકનું ટાયર ફરી વળ્યું હતું. ટ્રક રીવર્સ લેતા સમયે આ ઘટના સર્જાઈ હતી. વહેલી સવારે ટ્રક રીવર્સ લઈ રહ્યા હતા તે સમયે ઓરડીની બહાર સુઈ રહેલા મજુરના પગ પર ટ્રકનું તોંતિગ ટાયર ફરી વળતા પગ કચડાઈ ગયો હતો. બનાવને પગલે બુમાબુમ થતા મજુરો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. તેઓએ તાત્કાલીક ભગુંડારામ ફુંલુરામ મેઘવાલને તાત્કાલીક ૧૦૮ મારફતે ચાંદખેડાની ખાનગી તેમજ હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા.જયાંથી વધુ સારવાર માટે સોલા સિવિલ ખસેડવામાં આવ્યા હતા. મજુરને સાંથળના ભાગે ટ્રેલરનું ટાયર ફરી વળતા અંદરના હાડકાનો ભાગ તુટી ગયો છે.બનાવને પગલે ઈજાગ્રસ્ત મજુરના મોટાભાઈ વાઘારામ મેઘવાલે ટ્રેલર નં. જી.જે.૦૬.એ.યુ.૬૬૭૨ ના ચાલક સામે અડાલજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ છે. રાજસ્થાનના બાડમેર જિલ્લાના મીઠવડ ગામના બંન્ને ભાઈઓ ત્રણ દિવસ પહેલા જ ખોડીયાર રેલ્વે સ્ટેશન પાસે સિમેન્ટના ગોડાઉન પર મજુરી કામઅર્થે આવ્યા હતા. પહેલા તેઓ મહેસાણા ખાતે મજુરી કામ કરતા હતા. વાઘારામની ફરીયાદને પગલે પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સરકારી શાળાઓમાં ઓછા વિદ્યાર્થીઓના કારણે વર્ગો બંધ કરવાનો નિર્ણય પાછો ખેંચવા માંગ

### ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાએ આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી

ગાંધીનગર, તા.૧૭

ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તાજેતરમાં તમામ તાલુકામાં સરકારી શાળાઓમાં ધોરણ-૬ અને ૭માં જયાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તે વર્ગો બંધ કરી દેવાનો આદેશ દરેક તાલુકા શિક્ષણાધિકારીનો આપવામાં આવ્યો છે. ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેના દ્વારા આ નિર્ણય ત્વરિત પરત ખેંચવો જોઈએ તેવી માંગ કરવામાં આવી છે અને જો આ આદેશ પરત નહીં ખેંચાય તો આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

મહેસાણા જિલ્લાના નાના ગામોમાં ગરીબ અને મધ્યમ વર્ગના ઠાકોર અને બક્ષી પંચ સમાજના વિદ્યાર્થીઓ રહેતા હોય તેવા આર્થિક રીતે પછાત વર્ગના બાળકો સરકારી શાળામાં અભ્યાસ માટે આવે છે. આ સંજોગોમાં મહેસાણા જિલ્લામાં તમામ તાલુકાની સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૬ અને ૭માં જયાં વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હોય તે વર્ગો બંધ કરવાના આદેશ તા. ૧૦મી જૂનના રોજ મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તમામ તાલુકાના શિક્ષણાધિકારીઓને આપવામાં આવ્યો છે. આ બાળકો ઊંચી ફી ભરી ખાનગી શાળાઓમાં ભણવા જઈ શકે તેમ નથી તેથી સરકારી શાળામાં ભણવા આવે છે. એક તરફ જયાં દેશના વડાપ્રધાન અને ભાજપ સરકાર ગરીબ બાળકો પ્રત્યે સહાનુભૂતી રાખી તેઓ વધુ અભ્યાસમાં જોડાય તેવા પ્રયત્નો કરે છે ત્યારે મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારીનો આ નિર્ણય દુ:ખદ અને અન્યાય પૂર્ણ છે તેવું જણાવતા ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાંતિ સેના દ્વારા ગરીબ બાળકોના ભવિષ્ય માટે આ નિર્ણય ત્વરિત પરત ખેંચવો જોઈએ તેવી માંગ કરવામાં આવી છે. જો આ આદેશ પરત નહીં ખેંચાય તો ગુજરાત ક્ષત્રિય ઠાકોર ક્રાન્તિ સેનાને આંદોલન કરવાની ફરજ પડશે તેવી ચિમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

### @ગાંધીનગર

● આજે સાંજે ૮.૩૦ કલાકે સે-૧૨ સ્થિત આંબેડકર હોલ ખાતે સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર દ્વારા ભકિત સંગીત અને કૃષ્ણલીલા કાર્યક્રમ યોજાશે.

### ચિરવિદાય

- સ્વ. પટેલ અંબાલાલ રાયચંદદાસ, ઉ.વ. ૭૪
- સ્વ. પટેલ અંબાલાલ શીવરામ, ઉ.વ. ૭૦
- સ્વ. ગોહિલ કંચનબેન ગોગાસિંહ, ઉ.વ. ૬૪
- સ્વ. સુથાર મફતલાલ નારણદાસ, ઉ.વ. ૭૨
- સ્વ. દંતાણી ચંપાબેન ભીખાભાઈ, ઉ.વ. ૮૦

## સે-૩ ન્યુ ખાતે વધી રહેલી ગેરકાયદેસર ઝુંપડપટ્ટીથી રહીશો ત્રસ્ત

### ખુલ્લામાં શૌચ, ચુલા સળગાવવા આડેધડ વૃક્ષોને કાપવા સહિતની સમસ્યાઓમાં વધારો : સત્વરે ઝુંપડપટ્ટી દૂર કરી તાર ફેન્સીંગ કરવા સે-૩ ન્યુ વસાહત મંડળની માંગ







ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સેકટર-૩ ન્યુ ખાતે ઘ-૦ થી ગ-૦ સુધીના પટ્ટા પર ફેન્સીંગ થયું ના હોવાથી ગેરકાયદેસર ઝુંપડપટ્ટી વિકસવા પામી છે. આ ઝુંપડપટ્ટીમાં કડિયા નાકું ગ-૦ ટ્રાન્સફર કરવામાં આવતા વધારો થવા પામ્યો છે અને અંદાજે ૨૦૦થી વધુ ઝુંપડા આ પટ્ટાની વનરાજીમાં ઉભા થઈ જવા પામ્યા છે. જેને કારણે સેકટર-૩ ન્યુના વસાહતીઓની શાંતિ ડહોળાઈ જવા પામી છે. વળી ઝુંપડપટ્ટીના રહીશો દ્વારા રસોઈ ઉપરાંત શૌચ સહિતની ક્રિયાઓ ત્યાં ખુલ્લામાં જ કરવામાં આવતી હોઈ અસ્વચ્છતામાં વધારો થવા પામ્યો છે તેમજ તે વિસ્તારની વનરાજી માટે પણ ખતરો પેદા થવા પામ્યો છે તેવો દાવો સે-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી રહ્યો છે.

સે-૩ ન્યુની એસ.જી. હાઈવે સાઈડે વનરાજીમાં ઝુંપડાવાસીઓની વધતી વસતી હવે ચિંતાજનક બની રહી છે. બળતણ માટે તેજ વનરાજીમાંથી વૃક્ષો કાપવા, ખુલ્લામાં શૌચ કરવો, ન્હાવા ધોવાની ક્રિયા કરવી, વસ્તી વધતા શાકભાજીની લારીઓ, બાઈકો, ટ્રેકટરો વગેરેનો ટ્રાફિક સેકટરના આંતરિક રસ્તાઓ પર વધી જવો, વૃક્ષોના લાકડાં બાળી ચુલા સળગાવવાને કારણે ધુમાડાથી બે ટાઈમ વાતાવરણ દૂષિત થવું, ખુલ્લામાં શૌચના લીધે દુર્ગંધયુકત વાતાવરણથી રોગચાળો ફેલાવાનો ખતરો પેદા થવો, કચરો વધવો, વૃક્ષોનું ધીરે ધીરે નીકંદન કાઢવા જેવી સામસ્યાઓ સર્જાવા પામી હોવાની વસાહત મંડળની ફરિયાદ છે. આ કારણે સત્વરે આ ગેરકાયદેસર રીતે વધી રહેલી ઝુંપડપટ્ટીને દૂર કરવામાં આવે અને સે-૩ ન્યુની ઘ-૦ થી ગ-૦ સુધીની એક માત્ર બાજુ જે ફેન્સીંગથી સુરક્ષિત નથી તેને ફેન્સીંગ કરી સુરક્ષિત કરાય તેવી સે-૩ ન્યુ વસાહત મંડળ દ્વારા માંગ કરવામાં આવી છે.